# Commissionerate of Schools
## Government of Gujarat

Block No. 9, 1st Floor,
Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
E-mail: dosgujarat@gmail.com

J. D. Desai IAS
Director


Date:-૧૯/૬/૧૯

ક્રમાંક: આદ્ય/પરપ/૨૦૧૯/૧૬૧૨-૫૬

પ્રતિ,
જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
સર્વ જીલ્લાઓ

વિષયઃ- ૯ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે વાહક જન્ય રોગ નિયંત્રણ અને અટકાયત બાબતે સેકટોમ કાર્યક્રમ યોજવા બાબત ...

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના સહયોગથી તા.૨૭/૦૬/૨૦૧૯ ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન ૯ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે સેટકોમ કાર્યક્રમ યોજવા માટેનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમ યોજવા પાછળનો હેતુ વિધાર્થીઓમાં વાહક જન્ય રોગ જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનીયાની અટકાયત અને ખાસ કરીને તેના વાહક મચ્છરોની ઉપત્તિ અટકાવવાના સંદર્ભમાં જાગૃતિ કેળવવી જેથી તેમના જીવનમાં તે અનુસરે તે માટેનો છે.

સેટકોમ કાર્યક્રમના સફળ આયોજન માટે આપની કક્ષાએથી નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવી.

- તમામ શાળાઓ પૈકી કેટલી શાળાઓમાં સેટકોમ કાર્યક્રમ નિહાળવાની સુવિધા છે, તેની ખાતરી કરવી અને સેટકોમ કાર્યક્રમ અંગેની જાણ સબંધીત શાળાના મુખ્ય

Scanned by CamScanner

શિક્ષકને સમયસર કરવાની રહેશે, અને ૯ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ સેટકોમ કાર્યક્રમ નિહાળી શકે તે માટેની વ્યવસ્થા પણ ગોઠવવી.

- સેટકોમ કાર્યક્રમના દિવસે શાળાના વિધાર્થીઓને કાર્યક્રમ શરૂ થતા પહેલા અથવા પુર્ણ થયા બાદ વાહક જન્ય રોગ વિષેની જાણકારી ટુંકી ફીલ્મો અને પ્રત્યક્ષ નિદર્શન આરોગ્ય કાર્યકરની મદદ મેળવી પુરી પાડવી તથા આરોગ્ય વિભાગ ધ્વારા તૈયાર કરેલ સાહિત્ય કે જે વિધાર્થીઓમાં જાગૃતિ કેળવવા માટે ઉપયોગ કરી શકાય તેની નકલ સામેલ રાખેલ છે.
- સેટકોમ કાર્યક્રમ દરમ્યાન તમામ વિધાર્થીઓ અને શિક્ષકોએ હાજર રહે અને આ કાર્યક્રમ પુર્ણ થયા બાદ દરેક શાળામાં વિધાર્થીઓને પોતાના ઘરમાંથી કેટલા મચ્છર ઉત્પત્તિ સ્થાનો છે તેની માહિતી મેળવી સામેલ પત્રક મુજબ ભરે જે શિક્ષકોએ શાળા કક્ષાએ એકત્રીત કરી પ્રત્યેક શાળાની માહિતી સબંધીત તબીબી અધિકારીશ્રી પ્રા.આ.કેન્દ્ર/અર્બન હેલ્થ સેન્ટર ને મોકલી આપવાની રહેશે માહિતી એકત્ર કરવા માટેનું પત્રકની નકલ સ્થાનિક આરોગ્ય કાર્યકર મારફતે ઉપ્લબ્ધ કરાવવામાં આવશે સામેલ રાખેલ છે.
- સેટકોમ કાર્યક્રમ સાથો સાથ જે તે શાળાની સાફ સફાઇ અને મચ્છર ઉત્પતિ સ્થાનોની નાબુદી માટેના જરૂરી પગલાંઓનો અમલ કરવાનો રહેશે.

ઉપરોકત વિગતો ધ્યાને લઇ આપના જીલ્લા/મહાનગરપાલિકામાં આવેલ શાળાઓની સંખ્યા તેમજ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં વિધાર્થીઓની સંખ્યા અંગેની માહિતી આપના જીલ્લામાં કાર્યરત જીલ્લા મેલેરીયા અધિકારીશ્રીની કચેરીને મોકલી આપવી

ક્રમાંક / ૧૮૭૭૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ · ૨૧ . ૦૬-૨૦૧૯

- નકલ રવાના જાણ તથા અમલ સારું.

(signature)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, સરકારી, મા. અને
ઉ.મા શાળાઓ તમામ.

Scanned by CamScanner